**ફો.કે. નંબર ૧૮૧૬૨–૨૦૨૨**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧) હાલના કેસમાં સરકારશ્રી દ્બારા આરોપી ઉપર **ઈ.પી.કો. કલમ ૨૮૩** મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનુ ચાર્જશીટ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૨) કેસનું રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે. અદાલત દ્બારા આરોપીને હાજર રખાવવા અવાર નવાર પ્રોસેસ, સમન્સ/ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. સદર પ્રોસેસની બજવણી કરનાર અમલદાર દ્બારા બજેલ કે વગર બજેલ પરત આવેલ નથી/ આરોપી મળી આવેલ નથી તેવા શેરા સાથે પરત આવેલ છે. આમ અદાલત દ્બારા આરોપીને અવાર નવાર પ્રોસેસ કાઢવા છતાં ફરિયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે, ફરિયાદપક્ષની નિષ્ફળતાના કારણે કેસ લંબાયેલો છે. સદર ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તે સમન્સ ટ્રાયેબલ ગુનો છે અને પોલીસ ચાર્જશીટ ઉપરથી દાખલ કરવામાં આવેલ છે. અદાલત દ્બારા આરોપીને હાજર રખાવવા ફરિયાદપક્ષને વ્યાજબી અને પુરતી કહી શકાય તેટલી તક આપવામાં આવેલ છે. આમ છતાં ફરિયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રાખી શકેલ નથી. સદરહુ કેસનો પ્રકાર, સદર કેસ ઉપરની હકિકતો, કેસનુ રેકર્ડ અને રોજકામ ધ્યાને લેતા, આ સાથે ક્રિમીનલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલ ધારાકીય જોગવાઈની કલમ–૨૫૮ ધ્યાને લેતા, સદર કેસ આ કલમમાં પડતો જણાય આવે છે. નામ. સુપ્રિમ કોર્ટના એ.આઇ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ ૩૨૧૭, રંજન દ્બીવેદી વિરુધ્ધ સી.બી.આઇ. થ્રુ ડાયરેકટર જનરલ વિથ એ/સી સુદેવાનંદ અવધુતા વિરુધ્ધ સી.બી.આઇ. થ્રુ ડાયરેકટર જનરલના ચુકાદામાં ઠરાવેલ છે કે, ક્રિમીનલ કોર્ટોએ આવા ઉચીત કેસો ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયના હિતમાં વાપરવા જોઈએ. જેમાં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, The Criminal courts should exercise their available powers, such as those under section 309, 311 and 258 of the code of Criminal Procedure to effectuate

the right to speedy trial. A watchful and deligent trial Judge can prove to be a better protector of such right than any guidlines. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions.

આ ઉપરાંત નામ. બોમ્બે હાઈકોર્ટે Mulchand Motilal Raka V The state of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom) ધ્યાને લેતા તેમાં ઠરાવેલ છે કે, Section 258 of the code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adoptiong normal procedure contemplated by the code for one reason or other as herein above stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the code can be resorted to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the court for considerable time or of the important witness of the prosecution, which make it difficult of impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under

the code, the provisions of section 258 of Code can be resorted to. "

વધુમાં, આ સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર ડી/૨૯૧૬/૦૬, તા. ૨૭/૦૪/૨૦૧૬ વંચાણે લેતા તેમજ નીચેના ચુકાદાને ધ્યાને લીધા.

(૧) ૧૯૯૭(૩) જી.એલ.આર. ૧૯૪૬,

સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ

(૩) સી.આર.પી.સી. કલમ –૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાન સમક્ષ રાખતા તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતા ઉપર જણાવ્યા મુજબના કેસો ધ્યાન સમક્ષ રાખતા કેસ જુનો હોય, આ કામે પોલીસ એજન્સી અને ફરિયાદપક્ષને પુરતી તક આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલના કેસમાં આરોપી વિરુધ્ધ પોલીસ અદાલતમાં ચાર્જશીટ દાખલ તારીખથી આજદિન સુધી આવાર નવાર પ્રોસેસ, સમન્સ/વોરંટ કરવા છતાં આ કામે ફરિયાદપક્ષ આરોપીને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનો તે સામે ધારાકીય જોગવાઈ મુજબ થવાપાત્ર સજાની જોગવાઈ જોતા તેમજ કેસનો પ્રકાર જોતાં આ કેસને વિશેષ લંબાવવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ – ૨૫૮ મુજબ તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકીને આરોપીને બિનતહોમત મુકત ગણી તેમની સામેનો કેસ ફેંસલ ગણી ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ – ૨૫૮ તળે આરોપી સામેની હાલની કાર્યવાહી સ્થગીત કરી આરોપીને તેમની વિરુધ્ધના ગુનાના તહોમતમાં બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરિયાદપક્ષને ફોજદારી કાર્યવાહીની કલમ–૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૨૨ મી, માહે–જુન, સને–૨૦૨૪ ના રોજ લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨/૦૬/૨૦૨૪
રાજકોટ

(એન.ટી. કારીયા)
ઇન્ચાર્જ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (ટ્રાફીક)
તથા સ્પેશ્યલ સીટીંગ મેજીસ્ટ્રેટ
રાજકોટ